# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૭ તા.૨૩-૧૦-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ઓક્ટોબર માસમાં ધોરણ ૩ થી ૮ના વિધાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજનમાં ફેરફાર બાબત.

સંદર્ભ : - ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઇ/૨૦૨૦/૧૪૫૧૮-૮૨ તા.૨૨-૧૦-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ઓક્ટોબર માસમાં તા.૨૭-૧૦-૨૦૨૦ થી તા.૨૯-૧૦-૨૦૨૦ દરમિયાન સામયિક કસોટી તથા ૦૫-૧૧-૨૦૨૦ સુધીમાં શાળામાં કસોટીની ઉતરવહી વિધાર્થીઓ પાસેથી પરત લેવાનું આયોજન કરવામાં આવેલ હતું પરંતુ તા.૨૯-૧૦-૨૦૨૦ થી તા.૧૮-૧૧-૨૦૨૦ સુધી દિવાળીનું વેકેશન જાહેર કરવામાં આવતા **સામયિક કસોટીનું આયોજન તા.૨૬ થી ૨૮ ઓક્ટોબર ૨૦૨૦ સુધી કરવાનું રહેશે**. કસોટીની ઉતરવાહીઓ વિધાર્થીઓ પાસેથી તા.૦૫-૧૧-૨૦૨૦ને બદલે તા.૨૫-૧૧-૨૦૨૦ સુધીમાં પરત લેવાની રહેશે.

આ ઉપરાંત તા.૨૩-૧૦-૨૦૨૦ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટી જે તે વિષયના પાઠયપુસ્તકની અનુક્રમણિકા પરના QR કોડ પણ જોઈ શકાશે.

બિડાણ :- સંદર્ભ દર્શિત પત્ર

તા.૨૩-૧૦-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

सत्यमेव जयते

સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઇ/2020/ ૧૨૫૪૫-૯૨
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : **director-gcert@gujarat.gov.in**
**Web : www.gcert.gujarat.gov.in**

તારીખ: **22/10/2020**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી,તમામ

વિષયઃ ઓક્ટોબર માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજનમાં ફેરફાર બાબત

સંદર્ભઃ (૧) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૧૨૨૮૯-૧૨૩૭૮ તા. ૦૭/૧૦/૨૦૨૦
(૨) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૧૨૪૫૦-૧૨૫૪૦ તા. ૦૭/૧૦/૨૦૨૦
(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો પત્રક્રમાંકઃ પ્રાશિનિ/ છ-૨/સંકલન/૨૦૨૦/૫૧૧૫- ૫૨૦૨ તા. ૨૧/૧૦/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભદર્શિત પત્ર ૧ અને ૨ અન્વયે ઓક્ટોબર માસમાં તા. ૨૭/૧૦/૨૦૨૦ થી ૨૯/૧૦/૨૦૨૦ દરમિયાન સામયિક કસોટી યોજવાની તેમજ તા. ૦૫/૧૧/૨૦૨૦ સુધીમાં શાળામાં કસોટીની ઉત્તરવહી વિદ્યાર્થીઓ પાસેથી પરત લેવાનું આયોજન કરવામાં આવેલ.

સંદર્ભદર્શિત પત્ર-3 અન્વયે તા. ૨૯/૧૦/૨૦૨૦ થી ૧૮/૧૧/૨૦૨૦ સુધી પ્રાથમિકશાળાઓમાં દિવાળી વેકેશન જાહેર થયેલ છે. આ બાબતને ધ્યાને લેતા સામયિક કસોટી અમલીકરણનું આયોજન તારીખ ૨૬ થી ૨૮ ઓક્ટોબર, ૨૦૨૦ દરમિયાન કરવાનું રહેશે. અત્રેથી કસોટી તા. ૨૨/૧૦/૨૦૨૦ ના રોજ ઈ-મેઈલ દ્વારા જિલ્લામાં રાબેતા મુજબ પહોંચતી કરવામાં આવશે.

આ ઉપરાંત તા. ૨૩/૧૦/૨૦૨૦ ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ

ગુજરાતી માધ્યમની કસોટી જે તે વિષયનાં પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code માં પણ જોઈ શકાશે.

કસોટીની ઉત્તરવહીઓ વિદ્યાર્થીઓ પાસેથી તા.૦૫/૧૧/૨૦૨૦ ને બદલે તા. ૨૫/૧૧/૨૦૨૦ સુધીમાં પરત લેવાની રહેશે.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

**નકલ સવિનય રવાના:**

- માન.શિક્ષણસચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી., એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

**નકલ રવાના:**

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ